# Gujarat Kidney And Superspeciality Hospital

**Date:** 17-02-2026

To,
BSE Limited
Listing Department
Phiroze Jeejeebhoy Towers,
25th Floor, Dalal Street,
Mumbai - 400 001

To,
National Stock Exchange of India Limited
Listing Department "Exchange Plaza,"
C-1, Block G,Bandra –Kurla Complex
Bandra (E),
Mumbai - 400 051.

Scrip Code: 544666

Dear Sir/Madam

Subject: Newspaper Advertisement - Disclosure under Regulation 30 and Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("SEBI Listing Regulations")

Pursuant to Regulation 30 read with Schedule III Part A Para A and Regulation 47 of SEBI Listing Regulations, we hereby enclose copies of newspaper advertisement published regarding extract of the Unaudited Consolidated and Standalone Financial Results for the quarter and nine months ended December 31, 2025, in following newspapers: 1) Western times (Ahmedabad edition, Gujarati) 2) Western times (Ahmedabad edition, English)

This is for your information and records.

**For Gujarat Kidney and Super Speciality Limited**

NIKI PARESH TIWARI
Digitally signed by NIKI PARESH TIWARI
Date: 2026.02.17 12:47:24 +05'30'

Gujarat Kidney And Super Speciality Limited
Vadodara

**Niki Tiwari**
**Company secretary & Compliance Officer**
**Membership No.45550**

**Encl: as above**

# સ્પોર્ટ્સ અપડેટ

જીત બાદ કેપ્ટન સૂર્યાનો મોટો ખુલાસો

## પાક. કેપ્ટનની એક ભૂલ ભારત માટે 'ગેમચેન્જર' બની



**(એજન્સી) કોલંબો,** કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલા હાઈવોલ્ટેજ મુકાબલામાં ભારતે પાકિસ્તાનને ૬૧ રને કારમી હાર આપી છે. આ જીત બાદ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાની કેપ્ટન સલમાન આગાની એક મોટી ભૂલ વિશે ખુલાસો કર્યો છે, જે ભારત માટે 'ગેમચેન્જર' સાબિત થઈ હતી.ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સૌથી મોટા જંગમાં ભારતે પાકિસ્તાનને ધૂળ ચટાડી છે. મેચ બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે, ટોસ જીતીને પાકિસ્તાને પહેલા બોલિંગ કરવાનો જે નિર્ણય લીધો તે તેમના પર જ ભારે પડ્યો હતો. સૂર્યાના મતે, આ પીચ પર પહેલા બેટિંગ કરવી વધુ સારો વિકલ્પ હતો અને પાકિસ્તાની કેપ્ટન સલમાન આગા અહીં જ થાપ ખાઈ ગયા.ટીમ ઈન્ડિયાના કેપ્ટને કહ્યું, "અમે અમારી બ્રાન્ડની ક્રિકેટ રમી. જ્યારે અમારો સ્કોર ૦/૧ થયો, ત્યારે કોઈએ જવાબદારી લેવાની જરૂર હતી અને ઈશાન કિશને તે બખૂબી નિભાવી. આ વિકેટ પર પહેલા બેટિંગ કરવી સરળ નહોતી, કારણ કે લાઈટ્સમાં પીચ કેવું વર્તન કરશે અને ઝાકળ આવશે કે નહીં તેનો અંદાજ લગાવવો મુશ્કેલ હતો. પણ ઈશાનની ઈનિંગ અને અમારા બોલરોના સામૂહિક પ્રદર્શને કામ સરળ કરી દીધું.''પ્લેયર ઓફ ધ મેચ બનેલા ઈશાન કિશને પોતાની રણનીતિ વિશે જણાવ્યું કે, "શરૂઆતમાં વિકેટ મુશ્કેલ હતી, પણ મારે મારી તાકાત પર ભરોસો હતો. મારા મગજમાં ૧૬૦-૧૭૦ રનનો લક્ષ્યાંક હતો. મેં ઓફ-સાઈડ પર ઘણી મહેનત કરી છે અને પાકિસ્તાન સામેની આ જીતથી અમારો આત્મવિશ્વાસ વધશે."બીજી તરફ, હાર બાદ પાકિસ્તાની કેપ્ટન સલમાન આગાએ કબૂલ્યું કે તેમની વ્યૂહરચના ફેલ રહી હતી. સલમાને કહ્યું કે અમારા સ્પિનરો માટે આજનો દિવસ સારો રહ્યો નથી. પાવરપ્લેમાં વધુ વિકેટ ગુમાવવી અમને ભારે પડી. પહેલી ઈનિંગમાં પીચ ધીમી હતી અને બોલ રોકાઈને આવતો હતો, જેનો ભારતીય બેટ્સમેનોએ સારો સામનો કર્યો.ભારતેપ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાન સામે ૧૭૬ રનનો પડકારજનક લક્ષ્યાંક મૂક્યો હતો. તેના જવાબમાં પાકિસ્તાની બેટ્સમેનો ભારતીય બોલરો સામે ઘૂંટણિયે પડી ગયા હતા અને સમગ્ર ટીમ માત્ર ૧૧૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ જીત સાથે વર્લ્ડ કપમાં ભારતનો પાકિસ્તાન સામેનો રેકોર્ડ હવે ૮-૧ થઈ ગયો છે.

**ટોસ જીતીને પાકિસ્તાને પહેલા બોલિંગ કરવાનો જે નિર્ણય લીધો તે તેમના પર જ ભારે પડ્યો હતો : સૂર્યકુમાર યાદવ**

## વાપીVIAની વર્તમાન ટીમ બિનહરીફ જાહેર થશે

**(પ્રતિનિધિ) વાપી,** વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની આગામી ત્રણ વર્ષ માટે યોજાનારી ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે માત્ર વર્તમાન ટીમના ૧૪ સભ્યોના ફોર્મ ભરાયા પરંતુ વિરોધ પક્ષ દ્વારા કોઈપણ ઉમેદવારી નહીં કરાતાવર્તમાન ટીમના ૧૪ સભ્યો બિનહરીફ જાહેર થશેવાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની આગામી ત્રણ વર્ષ માટે યોજાનારી સામાન્ય ચૂંટણીના શનિવાર તા. ૧૪-૦૨-૨૦૨૬ના રોજ ફોર્મ લેવાનો અને ભરવાનો અંતિમ દિવસ હોય એ માટે વીઆઈએની વર્તમાન ટીમના ૧૧ કારોબારી સભ્યો અને એક એસોસીએટ મળી કુલ ૧૪ ફોર્મ ભરાયા હતાં. જેની સામે વિરોધ પક્ષના એક પણ ફોર્મ નહી ભરાતા હવે આગામી તારીખ ૨૩મીના રોજ ભરાયેલા ફોર્મની ચકાસણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને તમામ ભરાયેલા ફોર્મના સભ્યોને બિનહરીફ જાહેર કરવામાં આવશે.

ભરાયેલા ફોર્મોમાં વર્તમાન વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, સેક્રેટરી કલ્પેશભાઈ વોરા, મગનભાઈ સાવલિયા, રાજીવ મુન્દ્રા, રાજુલ શાહ, ચંદ્રેશ મારુ, પ્રભાકર બોરલે, સંજય સવાણી, શ્રીકૃષ્ણાનંદ હેવલે, કુલદીપ પટેલ, રાજ ગોગાની, હાર્દિક શાહ, કેતન શાહ, મેહુલ પટેલ, મળી કુલ ૧૪ કારોબારી સભ્ય દ્વારા ફોર્મ ભરાયા છે. જ્યારે એડવાઈઝરી બોર્ડના સભ્યોમાં રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, વાપી નોટિફાઈડ બોર્ડના ચેરમેન યોગેશભાઈ કાબરીયા, મિલનભાઈ દેસાઈ, એ. કે. શાહ, એલન ગર્ગ દ્વારા વીઆઈએની એડવાઈઝરી બોર્ડના સભ્યો સાથે મળી વીઆઈએની ટીમને માર્ગદર્શન આપવામાં આવશે.

## આણંદ શહેર સહિત જિલ્લામાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી



(તસ્વીરઃ વી.એ. ઉપાધ્યાય, આણંદ)

**(પ્રતિનિધિ) આણંદ,** આણંદ શહેર સહિત જિલ્લામાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી દેવા દેવાધિ મહાદેવની ભક્તિ ઉપાસના મહાપર્વ મહાશિવરાત્રીને લઈને આણંદ શહેર સહિત જિલ્લામાં શિવાલયોમાં પૂજા અર્ચના અને દર્શન માટે વહેલી સવારથી ભાવિ ભક્તો નો પ્રવાહ ઉમટી પડ્યો હતો ભક્તોએ શિવલિંગ ઉપર બિલિપત્ર દૂધ પાણીનો વગેરે કર્યા હતા શહેરના અને જિલ્લાના શિવાલયો બમ બમ બોલે ઓમ નમઃ શિવાય ના ગગન ભેદી નાદ થી મંદિરો ગુંજી ઉઠ્યા હતા આણંદના જાગનાથ મહાદેવ ધર્મેશ્વર મહાદેવ લોટેશ્વર મહાદેવ આણંદ વિદ્યાનગર રોડ પર આવેલ ઓમકારેશ્વર મહાદેવ વગેરે મંદિરોમાં ભક્તો પૂજા અર્ચના કરવા માટે ભક્તો ઉમટી પડ્યા હતા શિવજીની શોભા યાત્રા પણ નીકળી હતી જયારે વિદ્યાનગરના ઓમકારેશ્વર મહાદેવના પૂજારી બાલમુકુંદના માર્ગદર્શન હેઠળ પૂજા અર્ચના તેમજ અન્ય કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા ઓમકારેશ્વર મહાદેવ ની બાજુમાં આવેલા કોમન પ્લોટ માં બ્રહ્માકુમારી વર્લ્ડ ઓફ સાયલન્સ બાકરોલ દ્વારા સહસ્ત્ર જ્યોર્તિલિંગ દર્શન અને પ્રદર્શન તેમજ ૩૫ ફૂટના શિવલિંગ પર બનાવવામાં આવ્યા હતા ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો આણંદ નજીક વૈજનાથ મહાદેવ મોગરના રામેશ્વર મંદિર કરમસદના બાપેશ્વર મહાદેવ વેરાખાડી ઉમરેઠ બોરસદ ખંભાત પેટલાદ વિગેરે શિવાલયોમાં ભક્તો દર્શન માટે ઉમટી પડ્યા હતા ભક્તોએ ભાંગનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો વિદ્યાનગરમાં સૌપ્રથમવાર નીલકંઠ મહાદેવ મંદિરના આયોજકો તેમજ આસપાસના રહીશો દ્વારા શિવજી કી સવારીનું આયોજન કરવામાં આવ્યુંહતુ.

## દમણના દુનેઠા કોમ્યુનિટી હોલ ખાતે મહિલાઓ માટે કેન્સર તેમજ જનરલ હેલ્થ ચેકઅપ કેમ્પનું નિશુલ્ક આયોજન



(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) દમણ,** કોટક મહિન્દ્રા બેંકના સીએસઆર પ્રોગ્રામ અંતર્ગત નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ દ્વારા ભેંસલોર ગ્રામ પંચાયતના સહયોગથી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ નાની દમણના દુણેઠા કોમ્યુનિટી હોલ ખાતે મહિલાઓ માટે નિઃશુલ્ક કેન્સર તપાસ તેમજ જનરલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન ભેંસલોર સરપંચ શ્રીમતી સવિતાબહેન પટેલ અને દમણ જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ પટેલની આગેવાની. હેઠળ થયું હતું. કેમામાં આધુનિક ટેક્નોલોજી થી સજ્જ અને એઆઈ આધારિત મોબાઈલ વાનમાં ઉપલબ્ધ મેડિકલ ફેસિલિટીની મદદથી મહિલાઓની થર્મલ સ્ક્રીનિંગ અને વીઆઈએ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. ઉપરાંત બ્લડ સુગર, બ્લડ પ્રેશર, ઈસીજી સહિતના સામાન્ય ચેકઅપ ભી મહિલાઓ અને પુરૂષ લાભાર્થિઓનું કરવામાં આવ્યું હતું. કેમ્પમાં નિષ્ણાત ડોક્ટરો દ્વારા લાભાર્થિઓને આરોગ્ય રક્ષણ માટે યોગ્ય માર્ગદર્શન અને સલાહ આપવામાં આવી હતી.

આ આરોગ્ય કેમ્પમાં ૬૦ થી વધુ મહિલાઓ જેમાં ૪૫ મહિલાઓનું કેંસર ચેકઅપ અને ૫૫ પુરૂષોના જનરલ ચેકઅપ સહિત ટોટલ ૧૧૫ લાભાર્થિઓને મફત તબીબી તપાસ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મળેલ તબીબી આરોગ્ય તપાસ અને સલાહ પામીને લાભાર્થિઓના ચહેરાઓ પર સંતુષ્ટિના ભાવ જોવા મળ્યો હતો. આ કેમ્પની શરૂઆતમાં દમણ જિલ્લા ભાજપ અધ્યક્ષ ભરતભાઈ પટેલે પોતાના સંબોધનમાં કહ્યું કે "આજના સમયમાં મહિલાઓમાં મુખ્યત્વે ગર્ભાશયના મુખનું કેન્સર અને સ્તનનું કેન્સર વધુપ્રમાણમાં જોવા મળે છે. મહિલાઓમાં આ રોગઅંગે જાગૃતિ ફેલાય, સમયસર તપાસ થાય અને વહેલી તકે સારવાર મળી રહે તે અત્યંત આવશ્યક છે. કેમ્પ દરમિયાન નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ તરફથી પ્રોજેક્ટ કોર્ડિનેટર હાર્દિક રાઠોડ, આર.એમ.ઓ. ડૉ. પ્રિયાંશી તેમજ સમગ્ર ટીમે સુવ્યવસ્થિત આયોજન અને સફળ કામગીરીમાં પોતાનો મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. ખરેખર આવા કેમ્પો થકી ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય જાગૃતિ વધારવા અને મહિલાઓને આરોગ્ય લક્ષી સમસ્યાઓનું સમયસર નિદાન અને સારવાર ગુપ્ત કરવામાં અને સારવાર ઉપલબ્ધ કરાવવા માટે મહત્વપૂર્ણ યોગદાન મળી રહ્યું છે.

## અરવલ્લી જિલ્લામાં ગુટકા-સિગરેટનો ખુલ્લેઆમ કાળો કારોબાર

**(પ્રતિનિધિ) બાયડ,** અરવલ્લી જિલ્લામાં ગુટકા તથા સિગરેટના વેપારમાં ખુલ્લેઆમ કાળો કારોબાર ચાલી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. હોલસેલ વેપારીઓ દ્વારા જ વધારેલા ભાવે માલ ઠાલવાતો હોવાના કારણે નાના વેપારીઓ અને ગ્રાહકો બંને મુશ્કેલીમાં મુકાયા છે. કેન્દ્ર સરકારના બજેટ બાદ નિર્મલા સીતારામન દ્વારા તમાકુ ઉત્પાદનો પર કરવેરામાં વધારો જાહેર કરાયો હતો. પરંતુ હકીકત એ છે કે બજારમાં હજુ સુધી અનેક બ્રાન્ડની નવી એમ.આર.પી પ્રિન્ટ આવી નથી. છતાં જૂના રેટવાળા પેકેટો ઊંચા ભાવે વેચાઈ રહ્યા છે. માહિતી મુજબ સિગરેટના એક પેકેટ ઉપર રૂ. ૨ થી ૫ સુધીનો વધારાનો ભાવ વસૂલવામાં આવે છે. જ્યારે ગુટકા બ્રાન્ડમાં તો રૂ. ૨૦ થી ૩૦ સુધીનો પર પેકેટ ઉપર વધારો હોલસેલ સ્તરે જ લેવામાં આવે છે. રિટેલ વેપારીઓ ખુલ્લેઆમ કહે છે કે "હોલસેલમાં જ વધારાનો રેટ છે, અમે શું કરીએ?'' સવાલ એ છે કે જો નવી પ્રિન્ટ બજારમાં આવી જ નથી, તો વધારાની વસુલાત કાયદેસર કેવી રીતે ગણાય? શું પુરવઠા વિભાગ અને પોલીસ તંત્રને આ બાબતની જાણ નથી? કે પછી જાણ હોવા છતાં કોઈ કાર્યવાહી ન કરવી એ મીલી ભગત તરફ ઈશારો કરે છે? ગ્રાહકોમાં રોષ ફાટી નીકળ્યો છે. સામાન્ય જનતા પૂછે છે કે સરકાર ભાવવધારાની જાહેરાત કરે તે પહેલા જ બજારમાં લૂંટ કેવી રીતે શરૂ થઈ જાય? અરવલ્લી જિલ્લામાં ચાલતા આ કાળા કારોબાર સામે તાત્કાલિક તપાસ કરી જવાબદાર વેપારીઓ સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

## કેદારનાથનાં કપાટ ૨૨ એપ્રિલે ભાવિક ભક્તોનાં દર્શન માટે ખોલવામાં આવશે

**(એજન્સી) દહેરાદુન,** ઉત્તરાખંડનાં ગઢવાલ હિમાચલમાં આવેલા ચારધામ યાત્રા પૈકીનાં કેદારનાથ ધામનાં કપાટ ૨૨મી એપ્રિલે ભકતો માટે દર્શનાથે ખોલવામાં આવશે તેમ ઉત્તરાખંડનાં સીએમ પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું. શિયાળામાં આશરે ૬ મહીના સુધી કેદારનાથમાં કપાટ બંધ રાખવામાં આવે છે. શ્રી બદરીનાથ કેદારનાથ મંદીર કમીટીનાં પીઆરો હરીશ ગીરે કહયું હતું કે, મહાશીવરાત્રીનાં દિવસે મંદીરનાં કપાટ ખોલવાની તારીખ અને સમય અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. ભગવાન કેદારનાથનાં શિયાળાના નિવાસ સ્થાન ઓમકારેશ્વર મંદીર ખાતે આ નિર્ણય લેવાયો હતો. ધર્મ વિદો અને સંતો તેમજ પુજારીની હાજરીમાં મંદીરનાં કપાટ કયારે ખોલવા તેનો તેમજ પુજા અર્ચનાનાં સમયનો નિર્ણય હિન્દુ પંચાગ મુજબ લેવાયો હતો. ૧૨ જયોતીલીગ પૈકી એક એવા કેદારનાથનાં કપાટ ૨૨મી એપ્રીલે સવારે ૮ વાગે ખોલવામાં આવશે જયારે બદરીનાથનાં કપાટ ૨૩મી એપ્રીલે ખોલવામાં આવશે. ગંગોત્રી અને યમુનોત્રીનાં કપાટ ૧૯ એપ્રીલે ખોલવામાં આવશે. આ સાથે જ આખા દેશમાં ચારધામ યાત્રાશની શરૂઆત થશે. કેદારનાથ મંદીરના પુજારી તેમજ અન્ય સંતોની હાજરીમાં આ નિર્ણય લેવાયો હતો. ઉત્તરાખંડનાં સીએમ ધામીએ પત્રકોને કહયું હતું કે કેદારનાથનાં કપાટ ૨૨મીએ અને બદરીનાથનાં કપાટ ૨૩મીએ ખોલાશે. તેમણે ચકરાપુર વોખંડી મહાદેવ મંદીરમાં જળાભીષેક કર્યા પછી આ જાહેરાત કરી હતી. કપાટ ખોલવાની તૈયારીઓ શરૂ કરાઈ છે.

## 'જરાય શરમ રહી નથી, જોકરોનો શો ચાલી રહ્યો છે' : ઓબામા

**(એજન્સી)નવી દિલ્હી,** પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ વર્તમાન ટ્રમ્પ સરકારમાં અમેરિકન રાજનીતિના ઘટતાં સ્તરને શાબ્દિક હુમલો કર્યો છે. ઓબામાએ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન અમેરિકાના રાજનીતિને 'જોકરોનો શૉ' ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'વ્હાઈટ હાઉસમાં તાજેતરના નિવેદન મોટાભાગે અમેરિકનને પરેશાન કરવામાં આવ્યા છે.'બ્રાયન ટાયલર કોહેનના 'નો લાઈ' પોડકાસ્ટ પર વાતચીત કરતી વખતે ઓબામાએ પૂર્વ પ્રથમ મહિલા મિલેશ ઓબામા અને તેઓને આપત્તિજનક રીતે બતાવવામાં આવેલા વીડિયો વિશે વાત કરી હતી. આ મુદ્દે ટ્રમ્પ દ્વારા માફી ન માંગવા અને કર્મચારીની ભૂલ ગણાવી હતી.

આ મામલે ઓબામાએ કહ્યું કે, 'મોટાભાગના અમેરિકાના લોકો આ વ્યવહારને વધુ હેરાન કરનારો માને છે.'શાણપણ અને મર્યાદા ઘટી રહી છે, ત્યારે ઓબામાએ ઈન્ટરનેટ અને ટેલિવિઝન પર વર્તમાન રાજકારણને સર્કસ ગણાવ્યું હતું. તેમણે કહ્યું, 'એક પ્રકારનો 'જોકરોનો શૉ' ચાલી રહ્યો છે. સત્ય એ છે કે, જેઓ એક સમયે માનતા હતા કે પદ માટે શિષ્ટાચાર, મર્યાદા અને આદર હોવો જોઈએ, તેમનામાં હવે કોઈ શરમ રહી નથી. તે ખોવાઈ ગયું છે.'જ્યારે કોહેને 'સંવાદનું પતન' અને ઈમિગ્રેશન ઝુંબેશ દરમિયાન નાગરિકોના મોતને 'ઘરેલુ આતંકવાદી' કહેવાનો સવાલ ઉઠાવ્યો ત્યારે ઓબામા આ મુદ્દાને ધ્યાન ભટકાવવાની રાજનીતિ ગણાવી હતી. તેમણે કહ્યું કે, 'મોટાભાગના લોકો સરળતા અને દયાભાવમાં વિશ્વાસ રાખે છે.'રિપબ્લિકન પાર્ટીની કાર્યપ્રણાલીની ટીકા કરતા ઓબામાએ કહ્યું કે, તેઓ ફક્ત સ્થાપિત નિયમો અને કાયદાઓને અસ્પષ્ટ કરી રહ્યા છે જે રચનાત્મક પગલાં લેવા કરતાં સરળ છે. તેમણે ડેમોક્રેટ્સને રિપબ્લિકન-શૈલીના "બાળી નાખો અને નાશ કરો'' અભિગમ અપનાવવા સામે ચેતવણી આપી હતી. ઓબામાએ કહ્યું કે, 'હું નથી ઈચ્છતો કે સત્યની ચિંતા ન કરીએ, જેવું અન્ય પક્ષ કરી રહ્યું છે. જો આપણે એ રીતે લડીશું તો આપણી એ ખોઈ બેસીસું કે જેના માટે આપણે લડી રહ્યા છીએ.' તેમણે પોતાના કાર્યકાળનું ઉદાહરણ આપતા કહ્યું કે, 'અમે વિપક્ષી રાજ્યો સામે સૈન્ય કે નાણાકીય શક્તિનો ખોટો ઉપયોગ કરી શકતા હતા, પરંતુ તે લોકશાહીમાં કામ કરવાની રીતની વિરૂદ્ધમાં છે.' ઓબામાએ અંતમાં સમર્થકોપાસે આગ્રહ કર્યો કે આ મુશ્કેલી પડકારથી નિરાશ ન થાઓ, કારણ કે લોકશાહીના બચાવનું કાર્ય હંમેશા થોડું મુશ્કેલ હોય છે.


### પેમેન્ટ રસીદ બુક ગુમ થયા અંગેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ધ્યાનમાં લાવવાનું કે પરિશિષ્ટ'અ'માં જણાવેલ એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિ. માટેની અસલ પેમેન્ટ રસીદો ખોવાઈ ગઈ છે /ક્યાંક મુકાઈ ગઈ છે અને જડતી નથી.

જો કોઈ વ્યક્તિ/ઓને તે મળેલ હોય તો તેમને વિનંતી છે કે તેઓ નીચે આપેલ સરનામે બેંકને તાત્કાલિક પરત આપે. વધુમાં, વિનંતી છે કે આ રસીદો થકી કોઈએ વ્યવહાર કરવો નહિ અને કોઈ પણ રીતે આ રસીદોના કોઈ પણ પ્રકારના દુરુપયોગ બદલ એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિ. જવાબદાર રહેશે નહિ.

સરનામું: એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, ધનસુરા મોડાસા રોડ, ધનસુરા સર્કલ પાસે, ધનસુરા, જિલ્લો- અરવલ્લી, ગુજરાત- 383310.

પરિશિષ્ટ'અ'

| ખોવાઈ જવાની તારીખ | ખોવાયાનુ સ્થાન | રસીદ બુક નંબર | રસીદ નંબર |
|---|---|---|---|
| 18-01-2026 | ખડોલ, ગુજરાત | 67990 | 1699730 - 1699750 |

### AHMEDABAD MUNICIPAL CORPORATION
(Electrical Department)
Tender Notice

1. Rate Contract for Replacement of Chilled Water Pipe, Hot water pipe and Insulation work on HVAC GSS Sheet Metal Ducting, Pipe etc. for SVP Hospital within Limit of Rs.10.00 lacs.
2. Rate Contract for SIRC of Split Air Conditioner & Refrigerator for various Hospital/College Buildings of AMC. (within Limit of Rs.10.00 lacs.)
3. Rate contract for Miscellaneous Electrical works in various Offices and Building premises in EAST zone of AMC.

| | |
|---|---|
| Online Submission up to | Dt. 12/03/2026 up to 6:00 PM |
| Last Date of submission of Hard Copy | Dt. 13/03/2026 up to 4:00 PM |
| Tender details available on:- | https://tender.nprocure.com |

### Franklin Templeton Mutual Fund

Cancellation of the below IAP

Please note that following IAP has been cancelled due to some unavoidable circumstances:

Investor Education and Awareness Initiative.

Venue:
La Fountain Blu Restaurant, Opp Royal Square, B/S Nayara Petrol Pump, Nr VIP Circle, Mota Varachha, Uttran, Surat - 394105.

Date: 18th February, 2026
Time: 7:30 p.m.

Contact Person: Jigar Desai (9725043004)

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West), Mumbai - 400013

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

### ADARSH PLANT PROTECT LIMITED
Regd. Office : 604, GIDC, VITTHAL UDYOGNAGAR - 388 121, DIST. ANAND
CIN No. L29210GJ1992PLC017845 Website : www.adarshplant.com
Tel No. (02692) 236705 Fax No. (02692) 236704 Email ID : adarshplantprotect@gmail.com

(Rs. In lakhs)

Extract of Un-audited Financial Results for the quarter and nine-months ended 31st December, 2025

| Sr. No. | Particulars | Quarter Ended | | | Half Year Ended | | Year Ended |
|---|---|---|---|---|---|---|---|
| | | 31.12.2025 | 30.09.2025 | 31.12.2024 | 31.12.2025 | 31.12.2024 | 31.03.2025 |
| | | UNAUDITED | | | UNAUDITED | | AUDITED |
| 1 | Total Income from Operations | 257.01 | 365.76 | 383.91 | 888.17 | 1308.44 | 1750.65 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (5.40) | 0.63 | 0.74 | (8.72) | 14.81 | (111.89) |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (5.40) | 0.63 | 0.74 | (8.72) | 14.81 | (111.89) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (5.40) | 0.63 | 0.74 | (8.72) | 14.81 | (111.89) |
| 5 | Total Comprehensive Income for the period | (5.40) | 0.63 | 0.74 | (8.72) | 14.81 | (111.89) |
| 6 | Equity share capital | 991.15 | 991.15 | 991.15 | 991.15 | 991.15 | 991.15 |
| 7 | Earning per share (Face Value of Rs.10/- each) | | | | | | |
| | 1. Basic | (0.05) | 0.01 | 0.01 | (0.10) | 0.15 | (1.13) |
| | 2. Diluted | (0.05) | 0.01 | 0.01 | (0.10) | 0.15 | (1.13) |

NOTES :
1. The above is an extract of the detailed format of Quarterly Audited Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
2. The full format of the Audited Financial Results are available on the website of the Stock Exchange www.bseindia.com and on the website of the Company www.adarshplant.com
3. The said results were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors in their Meeting held on 14th February. 2026.
4. Previous period's figures has been regrouped/ reclassified wherever required.

Place: V.U. Nagar
Date: 14.02.2026

For Adarsh Plant Protect Limited
Sd/-
Mr. Naishad N. Patel
Chairperson (DIN 00082749)

### GUJARAT KIDNEY AND SUPER SPECIALITY LIMITED
Reg.Office Add.:Plot No1, City Sarve No 1537/A, Jetalpur Rd, Gokak Mill Compound, Alkapuri, Vadodara, Gujarat, India, 390020.
Website: www.gujaratsuperspecialityhospital.com,
Email: info@gujaratsuperspecialityhospital.com
Phone No.:0265-2984800/9687079991, CIN: U85300GJ2019PLC111559

**Statement of Unaudited Financial Result (Standalone and Consolidated) for the Quarter and nine months ended December 31,2025**

Statement of Unaudited Financial Result (Standalone and Consolidated) for the Quarter and nine months ended December 31,2025
The Board of Directors of the company,at the meeting held on February 14,2026 approved the Unaudited Financial results (standalone and consolidated)of the company for the Quarter and nine months ended on 31st December,2025.
The Result along with the Limited Review report,have been uploaded on the Company's website https://www.gujaratsuperspecialityhospital.com/financial and can be accessed by scanning the QR code.

Date : 14th February, 2026
Place : Vadodara

By order of the Board
Dr. Pragnesh Bharpoda,
Managing Director.

### SHREE ARYATEJ INSTITUTE OF MANAGEMENT & COMPUTER SCIENCE
MANAGED BY SHREE VIDHYAPREMVARDHAN EDUCATION TRUST

Invites application from eligible candidates for the above College, for the following post

| NO. | DESIGNATION | BBA | BCA | MBA | MCA |
|---|---|---|---|---|---|
| 1. | PRINCIPAL CUM DIRECTOR | 1 | 1 | 1 | 1 |
| 2. | PROFESSOR | 2 | 2 | 1 | 1 |
| 3. | ASSOCIATE PROFESSOR | 3 | 3 | 1 | 1 |
| 4. | ASSISTANT PROFESSOR | 9 | 8 | 4 | 4 |

The no. of post may, Qualification, Experience and Salary as per AICTE and GTU norms. Candidates may send their resume with copies of certificate and passport size photograph by regd. Post, subscribing the name of the POST applied for on Envelop within 15 days.

"ARYAVART", Nr. Navyug Tiles, Opp. Laxminagar Village, 8-A National Highway/ Kandla Highway, Laxminagar, Morbi-363642. Mo.95124 10012
MOB. 94283 47800 I EMAIL :- aryatejaimcs@gmail.com

### SHREE ARYATEJ INSTITUTE OF PHARMACY
Managed by: Shree Vidhyapremvardhan Education Trust

FACULTY RECRUITMENT FOR PHARMACY (B.Pharm, D.Pharm)
APPLICATIONS ARE INVITED FOR THE BELOW-MENTIONED POSTS.

| NO. | DESIGNATION | No. of Posts |
|---|---|---|
| 1. | PRINCIPAL | 01 |
| 2. | PROFESSOR (PHARM. CHEMISTRY, PHARMACOGNOSY, PHARMACEUTICS, PHARM. ANALYSIS, PHARMACOLOGY) | 02 |
| 3. | ASSOCIATE PROFESSOR (PHARM. CHEMISTRY, PHARMACOGNOSY, PHARMACEUTICS, PHARM. ANALYSIS, PHARMACOLOGY) | 03 |
| 4. | ASSISTANT PROFESSOR/LECTURER (PHARM. CHEMISTRY, PHARMACOGNOSY, PHARMACEUTICS, PHARM. ANALYSIS, PHARMACOLOGY) | 06 |
| 5. | PHYSICAL SPORTS INSTRUCTOR | 01 |
| 6. | LAB TACHNICIAN | 02 |

Qualifications : As per UGC/ Gujarat Technological University/ PCI guidelines and norms.
Send your updated resume on
aryatejinstituteofpharmacy@gmail.com
or Reg. A.D./ Speed Post within 15 days.
"Aryavart", 8-A National Highway, At: Laxminagar, Ta.Dist.: MORBI- 363642.
- President, Shree Vidyapremvardhan Educational Trust.

### SHREE R. N. MEHTA COLLEGE (BCA)
MANAGED BY K. N. MEHTA EDUCATION AND CHARITABLE TRUST

Invites application from eligible candidates for the above College, for the following post

| SR.NO. | POST | POSITIONS |
|---|---|---|
| 1. | PRINCIPAL FOR BCA | 01 |
| 2. | ASSOCIATE PROFESSOR FOR BCA | 01 |
| 3. | ASSISTANT PROFESSOR FOR BCA | 05 |

The no. of post may, Qualification, Experience and Salary as per AICTE and GTU norms. Candidate may send their resume with copies of certificate and passport size photograph by regd. Post, subscribing the name of the POST applied for on Envelop within 15 days.

4-B, S.K. Chowk, Opp. Sterling Hospital, Gandhigram, 150 Feet Ring Road, Rajkot, Gujarat - 360007
MOB. 82003 00869 I EMAIL :- shreernmehta@gmail.com

### નામ બદલેલ છે

મેં મારું નામ **ઝાકીરહુસેન અન્સારી** હતું, જે બદલીને **ઝાકીરહુસેન અન્સારી** કરેલ છે.
**સરનામું :** અંકલેશ્વરીયાની ચાલી, નદીના છાપરા શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૨૪૪૦
4879

### નામ બદલેલ છે

મેં મારું નામ **અન્સારી શાકીરહુસૈન** હતું, જે બદલીને **અન્સારી શાકીરહુસેન ઝાકીરહુસેન** કરેલ છે.
**સરનામું :** ૪૦૨-એ, હીલપાર્ક રેસિડેન્સી, નારોલ વટવા રોડ, વટવા અમદાવાદ-૩૮૨૪૪૦
4879

### વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

### PUBLIC NOTICE

**ફોર્મ નંબર યુઆરસી-૨**

કાયદાના ભાગ I પ્રકરણ XXI હેઠળ નોંધણી અંગે સૂચના આપતી જાહેરાત

(કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૩૭૪(d) અને કંપનીઓ (નોંધણી માટે અધિકૃત) નિયમો ૨૦૧૪ ના નિયમ ૪(૧) અનુસાર)

૧. આથી સૂચના આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ ની પેટા-કલમ (૨) ના અનુસંધાનમાં, પંદર દિવસ પછી પરંતુ ત્રીસ દિવસની મુદત પૂરી થાય તે પહેલાં, આરઓસી અમદાવાદ, આરઓસી ભવન, રૂપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩, ગુજરાત ખાતે રજિસ્ટ્રારને અરજી કરવાની દરખાસ્ત છે કે મેસર્સ શ્રી ટ્યુબ કંપની, એક ભાગીદારી પેઢી, કંપની અધિનિયમ ૨૦૧૩ ના પ્રકરણ XXI ના ભાગ I હેઠળ, શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી કરાવી શકાય છે.

૨. કંપનીના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે;
સ્ટેનલેસ સ્ટીલ (એસ.એસ.) પાઈપ્સ, માઈલ્ડ સ્ટીલ (એમ.એસ.) પાઈપ્સ, વેલ્ડેડ પાઈપ્સ, સીમલેસ પાઈપ્સ, ટ્યુબ પાઈપ્સ, હોલો સેકશન્સ, ERW પાઈપ્સ, CR/HR પાઈપ્સ અને તમામ પ્રકારના મેટાલિક પાઈપ્સ, ટ્યુબ્સ અને સંબંધિત ઉત્પાદનો અને ઘટકો સહિત તમામ પ્રકારના પાઈપ્સ અને ટ્યુબ્સમાં ઉત્પાદન, ફેબ્રિકેટિંગ, ઉત્પાદન, ડ્રોઈંગ, રોલિંગ, વેલ્ડિંગ, ફિનિશિંગ, પ્રોસેસિંગ, એસેમ્બલિંગ, કટીંગ, પોલિશિંગ, કોટિંગ, ટ્રીટમેન્ટ અને અન્યથા વ્યવહાર કરવાનો વ્યવસાય કરવો.

૩. પ્રસ્તાવિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને આર્ટિકલ ઓફ એસોસિએશનની નકલ સર્વે નં. ૯૧૫ પાયકી, બ્લોક નં. ૩૨૦૦, ગામ રાજપુર, તાલુકા કડી, ચાંદરડા, ગુજરાત - ૩૮૨૭૦૫, ભારત ખાતેની ઓફિસમાં તપાસી શકાય છે.

૪. આથી સૂચના આપવામાં આવે છે કે આ અરજી સામે વાંધો ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ આ સૂચનાના પ્રકાશનની તારીખથી એકવીસ દિવસની અંદર સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર (CRC), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નં. ૬,૭,૮, સેક્ટર ૫, IMT માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિન કોડ - ૧૨૨૦૫૦ ખાતે રજિસ્ટ્રારને લેખિતમાં પોતાનો વાંધો જણાવી શકે છે, અને તેની નકલ કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસમાં મોકલી શકે છે.

તારીખઃ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬

અરજદારનું નામ
શ્રી ટ્યુબ કંપની

### સાનબ્લ્યૂ કોર્પોરેશન લિમિટેડ
CIN: L15400GJ1993PLC020073
રજી. ઓફિસ : ૨૨ - એ, ગવર્મેન્ટ સર્વન્ટ સોસાયટી, મ્યુનિસિપલ માર્કેટ પાસે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
Email : inquiry@sanbluecorporation.com • Website: www.sanbluecorporation.com

૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલાં નવ માસિક અને ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોનો સારાંશ

(શેર દીઠ માહિતી સિવાય, રૂ. લાખમાં)

| નં | વિગત | ત્રિમાસિક ગાળા | | | નવ માસિક ગાળા | | અગાઉના વર્ષના અંતે |
|---|---|---|---|---|---|---|---|
| | | અનઓડીટેડ | | | અનઓડીટેડ | | ઓડિટેડ |
| | | ૩૧.૧૨.૨૦૨૫ | ૩૦.૦૯.૨૦૨૫ | ૩૧.૧૨.૨૦૨૪ | ૩૧.૧૨.૨૦૨૫ | ૩૧.૧૨.૨૦૨૪ | ૩૧.૦૩.૨૦૨૫ |
| ૧ | કુલ આવક | ૧૭૯.૬૧ | ૬૫.૩૦ | ૨૫.૦૨ | ૨૮૧.૭૨ | ૭૦.૬૩ | ૨૪૧.૬૬ |
| ૨ | ચોખ્ખો નફો/(નુકસાન) સમયગાળા/વર્ષ માટે (કર પહેલા, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ) | ૧૬.૩૭ | ૧૫.૯૮ | ૧૧.૪૭ | ૨૫.૦૭ | ૪૧.૯૧ | ૩૯.૯૬ |
| ૩ | ચોખ્ખો નફો/(નુકસાન) સમયગાળા/વર્ષ માટે (કર પહેલા, અપવાદરૂપઅને / અથવા અસાધારણ વસ્તુઓ) | ૧૬.૩૭ | ૧૫.૯૮ | ૧૧.૪૭ | ૨૫.૦૭ | ૪૧.૯૧ | ૩૯.૯૬ |
| ૪ | ચોખ્ખો નફો/(નુકસાન) સમયગાળા/વર્ષ માટે (કર પછી, અપવાદરૂપઅને / અથવા અસાધારણ વસ્તુઓ) | ૧૩.૮૨ | ૧૯.૨૯ | ૧૬.૦૫ | ૨૫.૮૩ | ૩૪.૯૧ | ૩૨.૯૬ |
| ૫ | કુલ વ્યાપક આવક સમયગાળા માટે (નફો)/(નુકસાન) નો સમાવેશ સમયગાળા માટે અને અન્ય વ્યાપક આવક (કર પછી) | ૫૯૬.૬૪ | (૯૦૭.૨૭) | ૬૪૮.૨૨ | (૫૯૪.૯૭) | ૧૧૮૫.૯૫ | (૩૬૯.૧૨) |
| ૬ | ચૂકવેલ ઇક્વીટી શેર કેપીટલ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ | ૪૯૯.૯૬ |
| ૭ | અન્ય ઇક્વીટી | - | - | - | - | - | ૪૭૭૭.૧૬ |
| ૮ | સીક્યોરીટી પ્રીમીયમ એકાઉન્ટ | - | - | - | - | - | - |
| ૯ | બેઝિક અને ડાઈલ્યુટેડ | ૦.૨૮ | ૦.૩૯ | ૦.૩૨ | ૦.૫૨ | ૦.૭૦ | ૦.૬૬ |

નોંધ- (અ) ઉપરોક્ત ત્રિમાસિક નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ કંપની વેબસાઈટ https://www.sanbluecorporation.com/financial-results.html અને બોમ્બે સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ https://www.bseindia.com/stock-share-price/sanblue-corporation-ltd/sanblue/521222/ પર ઉપલબ્ધ છે. અને અહિં આપેલ ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને ઉપરોક્ત નાણાકીય પરિણામો પણ એક્સેસ કરી શકાય છે

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી,
સાનબ્લ્યુ કોર્પોરેશન લિમિટેડ
Sd./-
જેકિલ પંચોલી - કંપની સેક્રેટરી - FCS: 12329



ભારત અને નેધરલેન્ડ વચ્ચે તા.૧૮મીએ બુધવારના રોજ રમાનારી ટ્વેન્ટી ટ્વેન્ટી મેચ અંતર્ગત સોમવારે ભારતીય ટીમ શ્રીલંકાથી સીધી અમદાવાદ આવી પહોંચતા એરપોર્ટ ઉપર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તસવીરમાં ત્રણેય ગુજરાતી ખેલાડીઓ હાર્દિક પંડ્યા, જયપ્રીત બુમરાહ અને અક્ષર પટેલ હોટલ પરિસરમાં જોવા મળી રહ્યાં છે. **(તસવીરઃ જયેશ મોદી)**

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## કુખ્યાત ચિરાગ ગોટીનું પોલીસે સરઘસ કાઢ્યું

**(એજન્સી) સુરત,**

સુરતમાં ભાગીદારની કારમાં ડ્રગ્સ મૂકી ફસાવનાર અને મારામારી કરીને નિર્દોષ લોકોને ડરાવનાર નામચીન ચિરાગ ગોટીનો આજે પોલીસે વરઘોડો કાઢ્યો હતો, સુરત શહેર એસઓજી પોલીસ રિકન્સ્ટ્રક્શન માટે ઘટનાસ્થળે પહોંચી ત્યારે હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર એકઠા થયા હતા. અને કુખ્યાત ચિરાગ ગોટી પર ટપલી દાવ કરી શર્ટ ફાડી નાખ્યો હતો. લોકોના આક્રોશના કારણે સ્થિતિ એ હદે વણસી હતી રિકન્સ્ટ્રક્શન વખતે ભારે ધક્કામુકી સર્જાઇ હતી. પોલીસે મહામહેનતે ચિરાગ ગોટીને બચાવ્યો હતો. તેની માથાભારે પ્રવૃત્તિથી અનેક લોકો સહિત આખો વિસ્તાર ત્રાસી ગયો હતો. લોકોએ ચિરાગ ગોટીના ઘર બહાર ફટાકડા ફોડી ઉજવણી કરી હતી તેમજ ઢોલ નગારા સાથે વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું અને ફાંસીની સજાની માગ કરી હતી. સામાન્ય રીતે ગુનેગારોના રિકન્સ્ટ્રક્શન વખતે ડરનો માહોલ હોય છે પણ ત્રાસી ગયેલા લોકોનો ગુસ્સો જોઈ ચિરાગ ગોટીની શાન ઠેકાણે આવી હતી, તે બે હાથ જોડી માફી માગતો નજરે પડ્યો હતો.

## ભૂજ નજીક પૂર ઝડપે બે બાઈક સામસામે અથડાતા ત્રણના મોત

**(એજન્સી) ભૂજ,**

ભુજ તાલુકાના ધ્રગ ગામે લોકમેળો હોવાથી ધ્રગ-લોડાઈ રોડ પર વાહનોની ભારે અવરજવર જોવા મળી રહી છે. તેવામાં રોડ પર બે બાઈક વચ્ચે ભયંકર ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે, બાઈકનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ બનાવમાં ત્રણ વ્યક્તિના મોત થયા હતા. અકસ્માતને લઈને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ મોકલવામાં આવી હતી. સમગ્ર મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અણખોલની સીમમાં ગટર લાઇનના કામ દરમિયાન ગેસ ગળતરથી બે શ્રમિકોના મોત

**(એજન્સી) વડોદરા,**

વડોદરા શહેરની ભાગોળે આવેલા અણખોલ ગામની સીમમાં ગટર લાઈનની ચેમ્બર રિપેરિંગ દરમિયાન એક હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે. ગટરની ચેમ્બરમાં સર્જાયેલા ફોલ્ટને સુધારવા ઉતરેલા બે શ્રમિકોના ઝેરી ગેસની અસરોને કારણે ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. આ મામલે વરણામા પોલીસે બે કોન્ટ્રાક્ટર પેઢીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અણખોલ ગામની સીમમાં જયંતિ સુપર કન્સ્ટ્રક્શન અને ગ્રીસવા ઈન્ફ્રા કન્સ્ટ્રક્શન નામની એજન્સીઓ દ્વારા ગટર લાઈનનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન, ગટર લાઈનની એક ચેમ્બરમાં ટેકનિકલ ખામી સર્જાતા તેને દૂર કરવા માટે વિપુલ માંગરોળીયા અને અક્ષય નામના બે કર્મચારીઓ અંદર ઉતર્યા હતા. ચેમ્બરમાં ઉતરતાની સાથે જ અચાનક થયેલા ઝેરી ગેસ ગળતરને કારણે બંને શ્રમિકો ગૂંગળાઈ ગયા હતા. ગંભીર ગેસની અસરના પરિણામે બંનેના શ્વાસ રૂંધાયા હતા અને કોઈ મદદ મળે તે પહેલા જ તેઓનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ ઘટના બાદ વરણામા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

## એરંડાની આડમાં વાવેતર કરેલા ગાંજાના ૨૩ છોડ જપ્ત કરાયા

**(એજન્સી) ભિલોડા,**

ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામે ખેતરમાં એરંડાની આડમાં ગાંજાનું વાવેતર કરાયું હોવાની બાતમીના આધારે ભિલોડા પોલીસે ટાકાટુકા ગામે રેડ કરી ગાંજાના ૨૩ છોડ સાથે એકને ઝડપી પાડ્યો હતો. ભિલોડા પોલીસ મથકના પી.આઈ. એ.બી.ચૌધરીને મળેલી બાતમીના આધારે ભીલોડા પોલીસ સ્ટેશનના માણસોએ ટાકાટુકા ગામની સીમમાં ડ્રોનનો ઉપયોગથી રેઈડ કરી હતી. જ્યાં ગામની સીમમાં એરંડાની આડમાં ગાંજાના છોડ નંગ-૨૩ મળી આવ્યા હતા. જેને એફ.એસ.એલ અધિકારીઓએ પોતાના કિટ બોક્ષ વડે પ્રાથમિક પરીક્ષણ કરી ફ્રજોતાં ગાંજો હોવાનું જણાઈ આવ્યો હતો. આથી ખેતરનો ભોગવટો રાખનાર સંજયકુમાર તેજુભાઈ ગમાર (હાલ રહે.ટાકાટુકા, તા.ભિલોડા, મૂળ રહે. સેબલીયા, તા.પોશીના)ને ઝડપી લીધો હતો.

## ચાંગોદર પોલીસની મોટી કાર્યવાહીઃ નશા માટે વપરાતા 'ગોગો સ્મોકિંગ કોન' અને રોલિંગ પેપરનો જથ્થો ઝડપાયો

**અમદાવાદ**

અમદાવાદ ગ્રામ્યની ચાંગોદર પોલીસે યુવાધનને નશાના રવાડે ચડાવતા સાધનો સામે મોટી કાર્યવાહી કરી છે. ચાચરાવાડી વાસણા ગામની સીમમાં આવેલ એક વેર હાઉસના ગોડાઉનમાં દરોડો પાડી પોલીસે ગાંજાના નશા માટે વપરાતા 'ગોગો સ્મોકિંગ કોન' અને રોલિંગ પેપરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, ચાંગોદર પોલીસનો સર્વેલન્સ સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે ચાચરાવાડી વાસણાની સીમમાં આવેલા અસ્વીકા-૪ વેર હાઉસના એક ગોડાઉનમાં પ્રતિબંધિત રોલિંગ પેપર અને સ્મોકિંગ કોનનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પોલીસે તુરંત જ દરોડો પાડતા ત્યાંથી લોકલ છૂટક વેચાણ માટે રાખવામાં આવેલો રૂપિયા ૩,૨૬,૪૨૦ની કિંમતનો મુદ્દામાલ

**રૂપિયા ૩.૨૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત**

મળી આવ્યો હતો. પોલીસે તમામ જથ્થો જપ્ત કરી આરોપી વિરુદ્ધ બી.એન.એસની કલમ-૨૨૩ મુજબ ગુનો દાખલ કર્યો છે.

રાજ્યના ગૃહ વિભાગના જણાવ્યા અનુસાર, સગીરો અને યુવાનો દ્વારા ચરસ-ગાંજાના સેવન માટે આ પ્રકારના પેપર્સ અને કોનનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રોડક્ટ્સમાં ટાઈટેનીયમ ઓક્સાઈડ, પોટેશીયમ નાઈટ્રેટ, આર્ટીફીશયલ ડાય અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થો હોય છે, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. પાન પાર્લર અને કરીયાણાની દુકાનોમાં આ વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ હોવાને કારણે યુવા વર્ગમાં નશાની વૃત્તિમાં વધારો થયો છે. ગૃહ વિભાગના જાહેરનામા બાદ ચાંગોદર પોલીસે સઘન પેટ્રોલિંગ હાથ ધરીને આ સફળતા મેળવી છે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, પાન પાર્લર, ચાની દુકાનો કે ગોડાઉનોમાં આવા પદાર્થોનું વેચાણ કે સંગ્રહ કરવો એ ગુનો છે. આગામી દિવસોમાં પણ આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

## ટીમ ઈન્ડિયાનું અમદાવાદ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત

**(એજન્સી) અમદાવાદ,**

આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પાકિસ્તાનને હરાવ્યા બાદ હવે ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે બુધવારે (૧૮ ફેબ્રુઆરી) અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ રમાશે. ત્યારે આ મેચ રમવા માટે ટીમ ઈન્ડિયા અમદાવાદ પહોંચી ચૂકી છે. અમદાવાદ એરપોર્ટ પર ટીમ ઈન્ડિયાના પ્લેયર્સનું ફેન્સે ભવ્ય સ્વાગત કરાયું છે. ટીમ ઈન્ડિયા એરપોર્ટથી સીધા વસ્ત્રાપુર ખાતે આવેલી આઈટીસી નર્મદા હોટલ પહોંચી છે. ટીમ ઈન્ડિયાએ આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શાનદાર પ્રદર્શન કરતા ત્રીજી જીત હાંસલ કરી લીધી છે. ટીમ ઈન્ડિયાએ અત્યાર સુધી પોતાની ત્રણ મેચોમાં યુએસ, નામીબિયા અને પાકિસ્તાનને માત આપી છે. ૧૫ ફેબ્રુઆરીએ પાકિસ્તાનને હરાવતાની સાથે જ ટીમ ઈન્ડિયાએ ગ્રુપ છથી સુપર ૮માં જગ્યા બનાવી લીધી છે. આ સાથે જ ટીમ ઈન્ડિયા ટૂર્નામેન્ટના આગામી રાઉન્ડમાં પહોંચનારી બીજી ટીમ બની ગઈ છે. ટીમ ઈન્ડિયાને ગ્રુપ છની પોતાની છેલ્લી મેચ નેધરલેન્ડ્સ વિરૂદ્ધ અમદાવાદમાં રમવાની છે. આ મેચનું પરિણામ ટીમ ઈન્ડિયાના સુપર ૮ની મેચો પર કોઈપણ રીતે અસર નહીં કરે. જોકે,

**૧૮ ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ સામે આગામી મેચ**

નેધરલેન્ડ્સ સાથે ટીમ ઈન્ડિયાને ટક્કર મળવાની શક્યતાઓ છે. નેધરલેન્ડ્સે પાકિસ્તાનને ટક્કર આપી હતી પરંતુ છેલ્લી ઓવરમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

આ હાઈ-વોલ્ટેજ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. સ્થાનિક સમય અનુસાર, મેચ સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ થશે. દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનારા આ મુકાબલાને લઈને ક્રિકેટ પ્રેમીઓમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સ્ટેડિયમ ખીચોખીચ ભરેલો રહેવાની આશા છે.

આ ટૂર્નામેન્ટની ૩૬મી મેચ હશે અને ગ્રુપ-એની છેલ્લી મેચ હશે. પાકિસ્તાન વિરૂદ્ધ મળેલી મોટી જીત બાદ ભારતીય ટીમનો ઉત્સાહ આસમાને છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવ આ મેચનો ઉપયોગ પોતાની બેંચ સ્ટ્રેન્થને અજમાવવા અથવા ખેલાડીઓને લયમાં રાખવા માટે કરી શકે છે. કેટલાક ખેલાડીઓ એવા છે, જેને હજુ સુધી પ્લેઈંગ ઈલેવનમાં મોકો નથી મળ્યો. ટીમ ઈન્ડિયાને એકસ ગ્રુપમાં રખાયું છે, જેમાં ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રીકા અને વેસ્ટઈન્ડીઝની ટીમ પણ સામેલ છે. આ ગ્રુપને ગ્રુપ ઓફ ડેથ પણ કહેવામાં આવે છે. આ ગ્રુપમાં ટીમ ઈન્ડિયાને ઠ૧, ઓસ્ટ્રેલિયાને ઠ૨, વેસ્ટઈન્ડીઝને ઠ૩ અને સાઉથ આફ્રિકાને ઠ૪ નામ અપાયું છે. પોઈન્ટ ટેબલના અનુસાર, સુપર ૮ની પહેલી મેચ ટીમ ઈન્ડિયા ઠ૪ એટલે સાઉથ આફ્રિકા વિરૂદ્ધ રમી શકે છે. આ મેચ ૨૨ ફેબ્રુઆરીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

## સેવન્થ ડે સ્કૂલના આરટીઈમાં ગરબડ-ગોટાળા

**(એજન્સી) અમદાવાદ,**

અમદાવાદના મણિનગરમાં આવેલી અને સતત વિવાદમાં રહેતી સેવન્થ ડે સ્કૂલ ફરી એકવાર મોટા વિવાદમાં આવી છે. આ શાળા પાસે પ્રાથમિક વિભાગ માટેનું જરૂરી માયનોરીટી સર્ટિફિકેટ ન હોવા છતાં વર્ષ ૨૦૧૭-૧૮થી રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ગરીબ કે મધ્યમ વર્ગના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો નથી. તેના બદલે શાળાએ આ અનામત બેઠકો પર સામાન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ આપીને તેમની પાસેથી ફી વસૂલી હોવાનો આક્ષેપ છે. મહત્ત્વનું છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં અંદાજે ૮૦૦૦ જેટલા બાળકોના હક છીનવીને શાળાએ FRCના નિયમો મુજબ આશરે ૧૯ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. શાળા સંચાલકો દ્વારા માયનોરીટી સ્ટેટસ મેળવવા માટે કરવામાં આવેલી અરજી અગાઉ નામંજૂર કરી દેવામાં

**૮૦૦૦ જેટલા બાળકોનો હક છીનવી ૧૯ કરોડ કમાયા**

આવી હતી, જેના પરિણામે આ સમગ્ર મામલો હાલ કોર્ટમાં પહોંચ્યો છે. શિક્ષણ વિભાગે શાળા દ્વારા કરવામાં આવેલી આ આર્થિક ગેરરીતિઓ અને નિયમોના ઉલ્લંઘન અંગેના મજબૂત પુરાવાઓ પણ કોર્ટમાં રજૂ કર્યા છે. હવે આ મામલે કોર્ટ કેવો ચુકાદો આપે છે અને શિક્ષણ વિભાગ શાળા સામે કેવા કડક પગલાં ભરે છે તેના પર સૌની નજર છે. અમદાવાદ સિટી DEO રોહિત ચૌધરીના જણાવ્યા અનુસાર, આશલોક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ શાળામાં વર્ષ ૨૦૨૧થી હાઈકોર્ટનો સ્ટે હોવાને કારણે RTE હેઠળ પ્રવેશ પ્રક્રિયા અટકેલી છે, જેના પરિણામે અંદાજે ૮૦૦૦ જેટલા ગરીબ વિદ્યાર્થીઓ મફત શિક્ષણ મેળવવાથી વંચિત રહ્યા છે અને તેમની જગ્યાએ નોન-RTE વિદ્યાર્થીઓને પ્રવેશ આપીને ૧૯ કરોડ રૂપિયાથી વધુની ફી એકત્રિત કરવામાં આવી હોય તેવું જણાય છે. અમારી તપાસ સમિતિ દ્વારા વારંવાર માંગવા છતાં શાળા અત્યાર સુધી પ્રાથમિક વિભાગનું માયનોરિટી સર્ટિફિકેટ રજૂ કરી શકી નથી તેથી અમે આ તમામ આધારો નામદાર હાઈકોર્ટમાં રજૂ કરીશું અને કોર્ટના આદેશ મુજબ આગળની કાર્યવાહી કરીશું. તેમણે વધુમાં જણાવ્યું કે, શાળામાં ૧૧,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ હોવા છતાં એસસી, એસટી, ઓબીસી અને માયનોરિટી સ્કોલરશિપના ફોર્મ ભરવામાં પણ ઉદાસીનતા જોવા મળી છે, જેથી મેં આચાર્યને તાત્કાલિક અસરથી તમામ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાવવા અને વાલીઓને માહિતગાર કરવા કડક સૂચના આપી છે.

## ઘાટલોડિયા અને નારણપુરામાં થયેલી લાખોની ચોરીનો ભેદ ઉકેલાયો

**(એજન્સી) અમદાવાદ,**

અમદાવાદ શહેરમાં ચોરી અને લૂટફાટની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. તેવામાં ઘાટલોડિયા અને નારણપુરામાં થયેલી અલગ અલગ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. ઘાટલોડિયા ચોરી કેસમાં ન્ઝમ એ રાજસ્થાનના એક વ્યક્તિની ધરપકડ કરી ?૩૮.૬૩ લાખના ઘરેણાં જપ્ત કર્યા છે જ્યારે અન્ય એક કેસમાં નારણપુરામાં મહિલાની ધરપકડ કરી ૮.૧ લાખના સોનાના દાગીના જપ્ત કર્યા છે.

ઘાટલોડિયાના ન્યૂ નિકિતા પાર્ક સોસાયટીમાં આવેલા ઘર નંબર છ/૯ માં ૨૨ જાન્યુઆરી થી ૨૫ જાન્યુઆરી દરમિયાન રાત્રે મકાનમાં ચોરી થઈ હતી. અજાણ્યા વ્યક્તિઓ છત પરથી વેન્ટિલેશન બારી ખોલીને બંગલામાં પ્રવેશ્યા હતા અને સોના-ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. ફરિયાદ બાદ ઘાટલોડિયા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. જે બાદ પોલીસ ટીમે વિસ્તાર અને તેની આસપાસના ૨૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરી જેમાંથી એક સીસીટીવીમાં ત્રણ બાઈક સવાર ચોરો કેદ થયા હતા. જે બાદ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના રહેવાસી દિનેશ હલીયા મીણા (૨૪)ની ધરપકડ કરવામાં આવી હતી.


ધરપકડ કરાયેલ આરોપી પાસેથી પોલીસે ૩૭.૩૯ લાખના સોનાના દાગીના, ૮૪,૨૫૫ના ચાંદીના દાગીના, ૩૦,૦૦૦ની કિંમતની મોટરસાઈકલ, ૧૦,૦૦૦નો મોબાઈલ ફોન કુલ મળીને ૩૮.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ફરાર બે આરોપી, રાજસ્થાનના ડુંગરપુરના રહેવાસી

**બે આરોપીની ધરપકડ, બે ફરાર**

કમલેશ ગંગારામ કલાસુવા અને ઈશ્વર શંકર મીણા તરીકે પોલીસે બે અન્ય આરોપીઓની ઓળખ કરી લીધી છે, તેમણે ઝડપી લેવા માટેની તજવીજ ચાલુ છે. આરોપીઓ અમદાવાદ કે આસપાસના જિલ્લાઓમાં ઘરફોડ ચોરીના અન્ય કેસોમાં સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ શરૂ કરી દેવાઈ છે. બીજી તરફ અન્ય એક કેસમાં નારણપુરા પોલીસે ફરિયાદ નોંધાયાના થોડા જ દિવસોમાં એક ઘરમાં ચોરીનો કેસ ઉકેલી નાખ્યો છે, જેમાં ૪૦ વર્ષીય મહિલાની ધરપકડ કરવામાં આવી છે, ૮.૧ લાખના ચોરાયેલા સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. નારણપુરામાં સંઘવી હાઈસ્કૂલની સામે શુભલક્ષ્મી ટાવરમાં રહેતા જીનલ ચંદ્રકાંતભાઈ શાહ (૩૭)ના ઘરે ચોરી થઈ હતી. જેની ફરિયાદ ૧૪ ફેબ્રુઆરીના રોજ નારણપુરા પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી હતી. ચોરી ૮ ફેબ્રુઆરીની સાંજે થઈ હતી, જીનલ ચંદ્રકાંતભાઈ શાહના સંબંધી માનસી જીનેશભાઈ દોશી ઘરે આવ્યા હતા. ફરિયાદ મુજબ માનસી કપડાં બદલવાના બહાને તેની માતાના બેડરૂમમાં ઘૂસી ગઈ હતી. તે સમયગાળા દરમિયાન ઘરમાં બીજું કોઈ આવ્યું ન હતું, અને કોઈ બળજબરીથી પ્રવેશ્યું હોય તેવું કોઈ પગેરું મળ્યું ન હતું. ૧૨ ફેબ્રુઆરીના આ રોજ જ્યારે માતાએ કબાટ ખોલ્યું ત્યારે ખબર પડી કે ઘણા સોનાના દાગીના તેમાંથી ગાયબ થઈ ગયા છે. ચોરાયેલી વસ્તુઓમાં લગભગ ત્રણ તોલા વજનની બે સોનાની બંગડીઓ, એક સોનાનું મંગળસૂત્ર અને બે સોનાની વીંટીઓનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત ૮.૧ લાખ થાય છે. ચોક્કસ માહિતી અને પૂછપરછના આધારે પોલીસે આરોપી માનસીની ધરપકડ કરી હતી. જેમાં તેને ગુનાની કબૂલાત કરતાં ચોરીનો ભેદ ઉકેલી ગયો હતો.

## ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષપદે પર્ણેશ મોદી ચૂંટાયા

**ગાંધીનગર,**



ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના આજે પ્રથમ દિવસે રાજ્યપાલના સંબોધન બાદ દિવંગત પૂર્વ ધારાસભ્યોને શ્રદ્ધાંજલિ અપવામાં આવી હતી, ત્યારબાદ વિધાનસભાના ઉપાધ્યક્ષપદ માટે ચૂંટણી યોજવામાં આવી હતી. ભાજપ દ્વારા સુરત પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશ મોદીને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. જ્યારે કોંગ્રેસ દ્વારા દાણીલીંમડાના ધારાસભ્ય શૈલેષ પરમારને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. ઉપાધ્યક્ષપદની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ભાગ લીધો ન હતો, અને ભાજપ પાસે પ્રચંડ બહુમતીને લીધે પૂર્ણેશ મોદીનો ધ્વની મતથી વિજયી થયો હતો.

ગુજરાત વિધાનસભામાં આજે બજેટ સત્રના પ્રથમ દિવસે લોકશાહીના મંદિરમાં રાજકીય પારો ચરમસીમાએ જોવા મળ્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે સત્રનો પ્રારંભ થયો હતો. પરંતુ કોંગ્રેસના ધારાસભ્યોએ ખેડૂતોના દેવા માફી અને કાયમી ભરતી જેવા મુદ્દે એટલો હોબાળો કર્યો કે રાજ્યપાલે પોતાનું ભાષણ માત્ર ૨૦ મિનિટમાં આટોપી લેવું પડ્યું હતું. રાજ્યપાલના સંબોધન બાદ વિધાનસભાના ઉપાધ્યક્ષપદ માટેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપ તરફથી જીતુ વાઘાણીએ પૂર્ણેશ મોદીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. ધ્વનિ મતથી થયેલા મતદાનમાં પૂર્ણેશ મોદીને સ્પષ્ટ બહુમતી મળી હતી. તેમની જીત થતા જ ભાજપના સભ્યોએ 'જય શ્રી રામ'ના નારા સાથે ગૃહ ગજવી દીધું હતું. કોંગ્રેસે શૈલેષ પરમારને ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા.

## અમદાવાદ-વડોદરાની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**(એજન્સી) અમદાવાદ,**



(તસવીર: જયેશમોદી)

ગુજરાતની ૨૫ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. મળતી જાણકારી અનુસાર, અમદાવાદની ૧૫ અને વડોદરાની ૧૦ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ઘટનાની જાણ થતા પોલીસની અલગ- અલગ ટીમોએ સ્કૂલમાં ચેકિંગ શરૂ કર્યું હતું. વડોદરા બાદ અમદાવાદની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. પોલીસે બોમ્બ સ્કવૉડ, ડૉગ સ્કવૉડની ટીમોને સાથે રાખી સ્કૂલોમાં તપાસ શરૂ કરી હતી.

અમદાવાદની ૧૫, વડોદરાની ૧૦થી વધુ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ઈ-મેઈલ મારફતે ગુજરાતને ખાલીસ્તાન બનાવવાની ધમકી અપાઈ હતી. અત્યાર સુધીની તપાસમાં કોઈ પણ શાળામાં વાંધાજનક વસ્તુઓ મળી નથી. ધમકીવાળા ઈ-મેઈલની તપાસ કરવા રાજ્ય પોલીસ વડાએ આદેશ આપ્યો હતો.

વડોદરાની ડી.આર.અમીન, ઉર્મી સ્કૂલ, નાલંદા સ્કૂલ, બરોડા હાઈસ્કૂલ, નવયુગ, જીવન સાધના, ડભોઈની એડબ્લ્યુએસ સ્કૂલ, વાઘોડિયાની જીપીએસ, વાસણાની બ્રાઈટ ડે સ્કૂલને ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. જે સ્કૂલોમાં ધમકીઓ મળી હતી તે શાળામાં વિદ્યાર્થીઓને રજા આપી દેવાઈ હતી.

અમદાવાદની દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ, વસ્ત્રાપુરની એશિયા, સેટેલાઈટની એવન સ્કૂલ, કૃષ્ણનગરની અંકુર ઈંટરનેશનલ સ્કૂલ, નવરંગપુરાની સંત કબીર, બાપુનગરની સિલ્વર બેલ સ્કૂલ, બોપલની તુલીપ ઈંટરનેશનલ, નવરંગપુરાની એજી સ્કૂલ, એસજીવીપી ગુરુકુળ સ્કૂલ, જે.જી ઈંટરનેશનલ, દિવાલ બલ્લુભાઈ, સીએન વિદ્યાલય, વિજયનગર, ખાલસા લિટલ સ્કૂલ, ઘોડાસરની જીવીબા સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે.

અમદાવાદની ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ, વસ્ત્રાપુરની એશિયા સ્કૂલ, સેટેલાઈટની એ-વન સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ હતી. તે સિવાય વડોદરામાં સમાની ઉર્મી સ્કૂલ, જીવન સાધના, શાનેન સ્કૂલ, નાલંદા સ્કૂલ અને વડોદરાની ડી.આર. અમીન, બ્રાઈટ ડે સ્કૂલને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. ધમકીભર્યા ઈ-મેઈલ મળતા અમદાવાદ, વડોદરાની સ્કૂલોમાં પોલીસે તપાસ શરૂ કરી હતી. વડોદરાની સ્કૂલે બાળકોને શાળાએ ન મોકલવાની વાલીઓને જાણ કરી હતી. અગાઉ પણ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ ચૂકી છે. ઈ-મેઈલમાં ગુજરાત બનશે ખાલિસ્તાનનો ઉલ્લેખ કરાયો હતો. અત્યાર સુધીમાં ક્યાંય પણ પોલીસના ચેકિંગમાં વાંધાજનક વસ્તુ મળી નથી.

ધમકીની ગંભીરતાને ધ્યાનમાં લઈને અમદાવાદ પોલીસનો કાફલો અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ આ મેઈલ ક્યાંથી આવ્યો અને તેની પાછળ કોનો હાથ છે તે દિશામાં સાયબર ક્રાઈમની મદદથી તપાસ કરી રહી છે. શાળા સંચાલકોએ બોમ્બની ધમકી અંગે માહિતી આપતા તાત્કાલિક ફાયર અને પોલીસ વિભાગની ટીમો જે તે શાળા પર પહોંચી છે. હાલ જે સ્કૂલોને ધમકી મળી તે સ્કૂલો ખાલી કરવામાં આવી રહી છે. સાવચેતીના ભાગરૂપે વડોદરાની શાળા સંચાલકોએ સતર્કતા દાખવી તાત્કાલિક બાળકોને સુરક્ષિત રીતે ઘરે મોકલી આપ્યા છે. સાથે જ ઊર્મિ સ્કૂલ હોસ્ટેલ પણ ખાલી કરાવી દેવામાં આવી હતી. સ્કૂલોને ધમકી મળી હોવાના સમાચાર મળતા વાલીઓ મોટી સંખ્યામાં શાળાએ દોડી આવ્યા હતા. વડોદરાની ૫ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેઈલ મળતાં શાળા સંચાલકો દ્વારા બાળકોને તાત્કાલિક છોડી મૂકવામાં આવ્યા હતા.

**જે સ્કૂલોમાં ધમકીઓ મળી હતી તે શાળામાં રજા આપી દેવાઈ હતી : તપાસમાં કોઈ શાળામાં વાંધાજનક વસ્તુઓ મળી નથી**

## પોર્ટર એપમાં ગાડી ભાડે ચડાવવાના બહાને લાખોનું કૌભાંડ

**ઉંચા ભાડાની લાલચ આપી વાહન માલિકો પાસેથી ફોર વ્હીલર મેળવીને બારોબાર ગીરવે મૂકી દેતો હતો**

**(એજન્સી) અમદાવાદ**

શહેરમાં ઠગાઈ અને વિશ્વાસઘાતની અવનવી પદ્ધતિઓ વચ્ચે સરખેજ પોલીસે એક એવા શાતિર ઠગની ધરપકડ કરી છે, જે વાહન માલિકોને ઉંચા ભાડાની લાલચ આપી તેમની ગાડીઓ બારોબાર ગીરવે મૂકી દેતો હતો. 'પોર્ટર' જેવી પ્રતિષ્ઠિત કંપનીમાં વાહનો ભાડે ચડાવી દર મહિને નિશ્ચિત આવકની ખાતરી આપી લોકોના કિંમતી વાહનો હડપ કરી જનારા આરોપી પાસેથી પોલીસે લાખોની કિંમતના ૧૪ વાહનો રિકવર કર્યા છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આરોપી ઈકબાલભાઈ સિપાહી ભોળા વાહન માલિકોને પોતાની જાળમાં ફસાવવા માટે 'સ્વીટ ટોક'નો સહારો લેતો હતો. તે વાહન માલિકોને સરખેજ ઉજાલા સર્કલ પાસે મળવા બોલાવતો અને એવી લાલચ આપતો કે જો તેઓ પોતાની બોલેરો પિકઅપ તેને સોંપશે, તો તે પોર્ટર જેવી ડિલિવરી એપ્લિકેશનમાં ગાડી જોડાવી આપશે. આ બદલ તે વાહન માલિકોને દર મહિને રૂપિયા ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦ સુધીનું ફિક્સ ભાડું ચૂકવવાની ખાતરી આપતો હતો. વાહન માલિકો જ્યારે વિશ્વાસ કરીને પોતાની ગાડી ઈકબાલને સોંપતા, ત્યારે તે ગાડીને કોઈ કંપનીમાં ભાડે ચડાવવાને બદલે અન્ય લોકો પાસે બારોબાર ગીરવે મૂકી દેતો હતો. એક ગાડી દીઠ આરોપી ૧ થી ૨ લાખ રૂપિયા મેળવી લેતો હતો. જ્યારે વાહન માલિકો દર મહિને પોતાનું ભાડું માંગતા, ત્યારે ઈકબાલ અવનવા બહાના બતાવી સમય પસાર કરતો હતો. જોકે, લાંબો સમય થવા છતાં ભાડું કે ગાડી પરત ન મળતા એક જાગૃત માલિકને શંકા ગઈ હતી અને સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. સરખેજ પોલીસે આ મામલે ફરિયાદ નોંધી તાત્કાલિક કાર્યવાહી કરતા આરોપી ઈકબાલ સિપાહીની ધરપકડ કરી છે. પોલીસની સઘન પૂછપરછમાં આરોપીએ અનેક વાહનો સગેવગે કર્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે તપાસના અંતે ૧૩ બોલેરો પિકઅપ અને ૧ આઈસર વાહન રિકવર કરવામાં સફળતા મેળવી છે. પોલીસને આશંકા છે કે આ કૌભાંડનો વ્યાપ હજુ મોટો હોઈ શકે છે અને અન્ય કેટલાય વાહન માલિકો ભોગ બન્યા હોઈ શકે છે. હાલમાં પોલીસ આરોપીના રિમાન્ડ મેળવી આ ગુનામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ ચલાવી રહી છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ જૂની ફોર્મ્યુલા પર કરશે કામ

**(એજન્સી) ગાંધીનગર,**

હવે તમામ પક્ષોની નજર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર છે. ગુજરાત, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાના પાસાં મજબૂત કરી રહી છે. ત્યારે ટિકિટ મેળવવા માટે ભાજપમાં અત્યારથી જ આંટાફેરા શરૂ થઈ ગયા છે. આવામાં ભાજપે પણ નક્કી કરી લીધું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જૂની ફોરમ્યુલા લાગુ કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ મેળવવા માંગતા દાવેદારો અત્યારથી જ સક્રિય થઈ ગયા છે. કેટલાય નેતાઓએ ભાજપના અત્યારથી કમલમના આંટાફેરા શરૂ કરી દીધા છે. ત્યારે ભાજપે ટિકિટ ફાળવવામાં નક્કી કરી લીધું છે કે, આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ પોતાની જૂની ફોરમ્યુલાને જ વળગી રહેશે. ભાજપના આંતરિક સૂત્રોનું કહેવું છે કે, ભાજપ જૂની ફોરમ્યુલાથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડશે. જેમાં સિનિયર નેતાઓને તક નહિ મળે. એટલે કે, ૬૦થી વધુ વર્ષના ઉમેદવારોને ચૂંટણી માટે ટિકિટ નહિ અપાય. આ ઉપરાંત રિપીટ થિયરી પણ નહિ અપનાવાય. જેમ કે, બેથી વધુવાર કોર્પોરેટર કે તાલુકા-જિલ્લા પંચાયતના સદસ્ય ચૂંટાયા હોય તેઓને ફરીથી ટિકિટ નહિ મળે.

પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી ચીમનભાઈ પટેલને ૩૨મી પૂણ્યતિથિ નિમિતે હાર્દિક શ્રદ્ધાંજલિ



પ્રાર્થનાસભા

તારીખ : ૧૭-૦૨-૨૦૨૬ સમય : સવારે ૮.૩૦ થી ૯.૩૦
સ્થળ : નર્મદા ઘાટ, સરીતા ઉદ્યાન પાસે, ગાંધીનગર

- સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ
- સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી
- સરદાર વલ્લભભાઈ સહકારી બેંક

સિધ્ધાર્થ પટેલ, સુહૃદ પટેલ, ડૉ. સુજાતા શાહ
ડૉ. વિરાજપટેલ, પ્રિતી પટેલ, વિવેક શાહ

